Virtual Schools

ફેબ્રુઆરી 2021

## TDSB વર્ચ્યુઅલ પ્રાથમિક શાળા પારિવારિક સમાચારપત્ર

જ્યારે આપણે બધા આ પડકારજનક સમયમાંથી પાર પડવાનું ચાલુ રાખીએ છીએ, ત્યારે અમે આશા રાખીએ છીએ કે દરેક વ્યક્તિએ 'ફેમિલી ડે'ના 'લોંગ વીકએન્ડ'નો આનંદ માણ્યો હશે અને થોડો સમય આરામ કરવાની અને સાથે મળીને આનંદ માણવાની તક મળી હશે.

પ્રાથમિક વર્ચ્યુઅલ શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ વર્ચ્યુઅલ વાતાવરણને મહત્તમ બનાવવાની રીતો શીખતા અને શીખવતા રહે છે. દરેક પસાર થતા મહિના સાથે, અમે વર્ગખંડોમાં નવી અને સર્જનાત્મક શીખવાની તકો અને પ્રવૃત્તિઓ વિશે સાંભળીએ છીએ.

આ મહિને અમે પ્રાથમિક વર્ચ્યુઅલ શાળામાં કેટલાક નવા વિદ્યાર્થીઓને આવકાર્યા છે અને આશા છે કે દરેક જણ સ્થાયી થઈ રહ્યા હશે, સહપાઠીઓ સાથે જોડાઈ રહ્યા હશે અને તેમના વર્ચ્યુઅલ વર્ગખંડનો આનંદ લઈ રહ્યા હશે.
વધુ માહિતી અને અદ્યતન વિગતો માટે કૃપા કરીને www.tdsb.on.ca/virtualschool ની મુલાકાત કરો અને ટ્વીટર પર @tdsbvs ને અનુસરો.

## COVID સામે મુકાબલા દરમિયાન

આ રોગચાળા દરમિયાન માનસિક આરોગ્ય અને સુખાકારીની ચર્ચા કરવા TDSB પરિવારો 11મી ફેબ્રુઆરીએ, માનસિક આરોગ્ય વ્યાવસાયિકો સાથે જોડાયા હતા. તે વેબકાસ્ટનું રેકોર્ડિંગ અહીં જુઓ. Watch a recording on the webcast here

માનસિક તણાવનો સામનો કરવા અંગે, શારીરિક પ્રવૃત્તિ સુનિશ્ચિત કરવા, સ્ક્રિન ટાઇમનું પ્રબંધન કરવા વગેરે જેવા વિષયોની ચર્ચા કરવા વર્ચ્યુઅલ શાળાએ સાયકોલોજીના અને સામાજિક કાર્ય કરતા વ્યાવસાયિકો સાથે કમ્યુનિટિ વેબિનાર પણ રાખ્યો હતો. તેનું રેકોર્ડીંગ અહીં જુઓ. Watch a recording here!

## વર્ચ્યુઅલ મુલાકાત માટે અમારી સાથે જોડાઓ!

**TDSB** પ્રોફેશનલ સપોર્ટ સર્વિસીસના સ્ટાફ સાથે સીધા જ જોડાવ. તમારા બાળકના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને કેવી રીતે મદદ કરી શકાય તે માટે પ્રશ્નો પૂછો અને જવાબો મેળવો.

મંગળવારે, સવારે 10 થી 11
ગુરુવારે, સાંજે 7 થી 8

## માર્ચના વિરામની તારીખોમાં ફેરફાર

શિક્ષણ મંત્રાલયે, COVID-19 નું સામુદાયિક સંક્રમણ ઘટાડવામાં મદદ કરવા, સાર્વજનિક આરોગ્ય અધિકારીઓની સલાહ પર, માર્ચના વિરામમાં વિલંબ કર્યો છે. તે વિરામ હવે **12 થી 16 એપ્રિલ, 2021** નિર્ધારિત કરાયો છે. સમગ્ર માર્ચ દરમિયાન નિયમિત વર્ગો ચાલુ રહેશે.

## નવા આવેલા વિદ્યાર્થીઓ અને માતાપિતા/સંભાળ રાખનારાઓ માટે મદદ

શાળાઓમાં, વસાહતી કાર્યકરો, કેનેડામાં નવા આવેલા પરિવારો અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શાળાઓના ઉપગ્રહ અને સ્વાગત કેન્દ્રોમાં વસાહતી સેવાઓ પ્રદાન કરે છે. વસાહતી કાર્યકરો વ્યક્તિગત/ કૌટુંબિક સેવાઓ અથવા જૂથ કાર્યક્રમો આપે છે જે સહભાગીઓને શિક્ષણ પદ્ધતિને સમજવામાં અને સફળતાપૂર્વક બદલી કરવામાં અને સ્થાયી થવાની પ્રક્રિયાને વેગ આપવામાં મદદ કરે છે. વધુ મહિતી: www.tdsb.on.ca/New-to-Canada/Settlement-Workers

## બ્રાઇટસ્પેસની ઝાંખી અને ટેકનિકલ સહાય

વર્ચ્યુઅલ શાળા અને બ્રાઇટસ્પેસની ઝાંખી:www.youtube.com/watch?v=MSw4IJSPvi4

વર્ચ્યુઅલ શિક્ષણ માટે IT મદદ: www.tdsb.on.ca/In-Person-Learning/Student-Virtual-Learning-IT-Support

## વર્ચ્યુઅલ શાળાની આચાર સંહિતા

કૃપા કરીને TDSB વર્ચ્યુઅલ શાળાની આચાર સંહિતા કે જે શાળાઓ/શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલીઓ માટે માર્ગદર્શન અને અપેક્ષાઓ પ્રદાન કરે છે તેની સમીક્ષા અહીં કરો TDSB Virtual Schools Code of Conduct

## TDSB ઉજવે છે આફ્રિકન હેરિટેજ મહિનો

ફેબ્રુઆરી માસ દરમિયાન TDSBને 'આફ્રિકન હેરિટેજ મહિના'ને માન્ય કરવાનો અને ઉજવવાનો ગર્વ છે. કેનેડા અને વિશ્વમાં આફ્રિકન વંશના લોકોની ઘણી સિદ્ધિઓ અને યોગદાનની ઉજવણી કરવાનો આ પ્રસંગ હોય છે. 2020-2021 માટે પસંદ કરેલી થીમ છે ***કુજીચાગુલિયા: આત્મનિર્ધારણ***. વધુ જાણો. Learn more.

## TDSB ઉજવે છે ચાઇનીઝ હેરિટેજ મહિનો

TDSB ને ફેબ્રુઆરી માસમાં 'ચાઇનીઝ હેરિટેજ મહિના' (CHM) ને માન્યતા આપવા બદલ ગર્વ છે. આ વર્ષ **બળદનું વર્ષ છે: વફાદાર, પ્રામાણિક, જવાબદાર, સખત-પરિશ્રમી અને તાર્કિક.** ચંદ્રનું નવું વર્ષ વસંતના ઉત્સવ તરીકે પણ ઓળખાય છે અને તે ચંદ્ર કેલેન્ડરની પ્રથમ તિથિથી શરૂ થાય છે અને 15 દિવસ પછી ચંદ્ર કેલેન્ડરની પ્રથમ પૂનમ પર સમાપ્ત થાય છે. વધુ જાણો. Learn more

## સામુદાયિક મદદ HUB

ટોરન્ટોની આજુબાજુની કમ્યુનિટિ સપોર્ટ વર્કર (CSW) ટીમની માહિતી, સંસાધનો અને તેમના દ્વારા કરવામાં આવી રહેલી સુંદર કામગીરીની જાણકારી મેળવો.

પરિવારોને 9 થી 11 વાગ્યા સુધી 'મંગળવારે પધારો'માં જોડાવા આમંત્રિત કરવામાં આવે છે. વધુ જાણો Learn more. connect with CSWs live અને tdsbHUB.ca ની મુલાકાત કરો.

## વિશિષ્ટ શિક્ષણની અદ્યતન માહિતી

અદ્યતન કરેલી વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ (IEP) ફેબ્રુઆરીની શરૂઆતમાં ઇલેક્ટ્રોનિક રીતે ઘરે મોકલવામાં આવી છે. કોઈપણ પ્રશ્ન માટે કૃપા કરીને તમારા બાળકના શિક્ષકનો અથવા જો તમને IEP મળી ન હોય તો આચાર્યનો સંપર્ક કરો.

સ્પેશયલ એજ્યૂકેશન એડવાઇઝરી કમિટિની બેઠકમાં માર્ચ 1, 2021ના રોજ સાંજે 7 વાગે જોડાવ. વધુ જાણો. Learn more.

## વર્ચ્યુઅલ પુસ્તકાલયનાં સંસાધનો

શું તમે જાણો છો કે વિદ્યાર્થીઓ ઘરેથી ભણતી વખતે TDSB દ્વારા પૂરા પાડવામાં આવેલ ઇબુક્સ, એન્સાઇક્લોપીડિયા, વિડિઓ અને અન્ય માહિતીને મેળવી શકે છે?

TDSB **વર્ચ્યુઅલ લાઇબ્રેરી**એ વિદ્યાર્થી શિક્ષણને મદદ કરવા, ડિજિટલ સંસાધનોને કાળજીપૂર્વક પસંદ કર્યા છે, જે કોઈપણ સમયે, કોઈપણ સ્થળે ઓનલાઇન પ્રાપ્ત કરી શકાય છે.

વર્ચ્યુઅલ લાઇબ્રેરીની રુપરેખા વિદ્યાર્થીઓને આ શોધવામાં મદદ કરે એવી કરવામાં આવી છે:

- **અભ્યાસક્રમ સંબંધિત ઓનલાઇન સંસાધનો / સાધનો કિન્ડરગાર્ટન થી 12** ધોરણ સુધીના વિદ્યાર્થીઓને - પ્રોજેક્ટ્સ, હોમવર્કમાં મદદરૂપ થવા અને ઇબુક્સ, આંકડા આધારિત લેખો, પ્રસારિત થતાં માધ્યમો અને ઓનલાઇન સાધનોને વિવિધ સ્વરુપમાં વાંચવા અને જોવા પ્રોત્સાહિત કરવા માટે (જુઓ Read, Watch, Learn અને Find)
- સંશોધન, ગણિતની પ્રેક્ટિસ, રમતો, હોમવર્કની **મદદ માટે વિષયોની લિંક** (જુઓ Find)
- **ઇન્ક્વાયરી** અથવા **રિસર્ચ પ્રોજેક્ટ**ની શરૂઆત કરવાનાં સંસાધનો (જુઓ Inquiry અને Find)
- વાંચનનાં સૂચનો અને **વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક સમીક્ષાઓ**
(જુઓ Read અને Just Read It)

વર્ચ્યુઅલ લાઇબ્રેરી www.tdsb.on.ca/library પર અથવા તમારી શાળાના વેબપેજ અથવા તમારા વિદ્યાર્થીના બ્રાઇટસ્પેસ વર્ગખંડ દ્વારા શોધો.

ઘરે વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલ લાઇબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે વધુ માહિતી માટે, ડાબી બાજુના ટૂલબાર પરનું **Parent** બટન શોધો.

ઘરેથી વર્ચ્યુઅલ લાઇબ્રેરીનાં ઘણાં પૈકીનાં સંસાધનો મેળવવા માટે કૃપા કરીને તમારા બાળકના શિક્ષકને **વર્ચ્યુઅલ લાઇબ્રેરી પાસવર્ડ માહિતી પેજ** માટે પૂછો.

ફેબ્રુઆરી 2021

## ફેબ્રુઆરી કિન્ડરગાર્ટન નોંધણીનો મહિનો છે

વધુ માહિતી માટે અને નોંધણીના વિકલ્પો વિશે જાણવા માટે: www.tdsb.on.ca/kindergarten.

## વર્ચ્યુઅલ ફિલ્ડ ટ્રિપ્સ અને ખાસ એસેમ્બલીઝ

તાજેતરમાં ગ્રેડ 3 અને 6 ના , સંખ્યાબંધ શિક્ષકો શ્રેણીબદ્ધ વ્યાવસાયિક શિક્ષણની તકોમાં રોકાયા હતા. વિદ્યાર્થીઓએ સિંક્રનસ ઇન્ટરેક્ટિવ વર્ચ્યુઅલ એસેમ્બલીઝ અને ફિલ્ડ ટ્રિપ્સમાં પણ ભાગ લીધો હતો. આ રોમાંચક સપ્તાહો દરમિયાન, આ કાર્યક્રમનો 3,000 વિદ્યાર્થીઓ અને 160 શિક્ષકોએ લાભ લીધો હતો.



આ પડકારજનક સમયમાં શારીરિક રીતે સક્રિય થવાનું મહત્વ જાણવા માટે ગ્રેડ 3ની વર્ચ્યુઅલ એસેમ્બલીમાં સર્જનાત્મક કળા સત્રો અને મૂળભૂત હલનચલન અંગેનાં સત્રોનો સમાવેશ થતો હતો.

ગ્રેડ 6ની વર્ચ્યુઅલ ટ્રિપ્સમાં જૈવિક વિવિધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્કારબોરો આઉટડોર એજ્યુકેશન સ્કૂલની બાહરી ટ્રિપ્સ સામેલ હતી.

વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભણવામાં રોકાયેલા હતા જ્યારે શિક્ષકો નવી કુશળતાઓ શીખવા અને પ્રાપ્ત કરવા એક બીજા સાથે જોડાયેલા રહ્યા હતા.

## વર્ચ્યુઅલ શાળાઓના સ્ટાફની ફોન નિર્દેશિકાઓ

સરળ સંદર્ભ માટે 'વર્ચ્યુઅલ સ્કૂલ એડમિનિસ્ટ્રેટિવ ટીમ'ની ફોન નિર્દેશિકાઓ નીચે આપી છે. દરેક લર્નિંગ સેન્ટરમાં આચાર્યો અને ઉપ-આચાર્યો ગ્રેડ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા છે.
Learning Centre 1 Virtual Elementary School
Learning Centre 2 Virtual Elementary School
Learning Centre 3 Virtual Elementary School
Learning Centre 4 Virtual Elementary School

## નિરંતર વ્યાવસાયિક શિક્ષણ

વિદ્યાર્થીઓને સાક્ષરતા અને ગણિતમાં ઊંડાણભર્યા શિક્ષણમાં સામેલ થવા પ્રોત્સાહન આપવા શિક્ષકો ડિજિટલ પ્લેટફોર્મ અને સાધનોનો ઉપયોગ કરવાની પ્રથાના પોતાના જ્ઞાનને ઊંડું કરવા વ્યાવસાયિક શિક્ષણમાં નિરંતર રોકાયેલા રહે છે .

જ્યારે શિક્ષકો તેમની ગ્રેડ ટીમોમાં શીખી રહ્યા હતા, ત્યારે વિદ્યાર્થીઓએ કેટલાક અમૂલ્ય સામુદાયિક ભાગીદારો સાથે વર્ચ્યુઅલ ફિલ્ડ ટ્રિપ્સમાં ભાગ લીધો જેમાં: ટોરન્ટો પબ્લિક લાઇબ્રેરી, ટોરન્ટો આઉટડોર એજ્યુકેશન સેન્ટર્સ અને લેટ્સ ટૉક સાયન્સનો સમાવેશ હતો. વર્ચ્યુઅલ સ્ટોરી ટાઇમ્સ, કેમ્પફાયર સાથે-ગીત અને STEM ડિઝાઇન કરવાના પડકારો એ નિયમિત વર્ચ્યુઅલ વર્ગખંડની બહાર નીકળવાની અને નવાં સ્થાનો શોધવાની મનોરંજક રીતો હતી.

ફેબ્રુઆરી દરમિયાન વ્યાવસાયિક શિક્ષણનાં કેટલાંક ઉદાહરણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- વાંચનની વ્યૂહરચના અને માર્ગદર્શિત વાંચન
- વિશેષ શિક્ષણ: વર્ચ્યુઅલ વિદ્યાર્થીઓને સહાયક
- પર્યાવરણ અને IEP લેખન અને અમલીકરણ
- શિક્ષણ માટે સાર્વત્રિક રૂપરેખા
- સાંસ્કૃતિકરૂપે ઉત્તરદાયી અને ચિંતનશીલ શિક્ષણ શાસ્ત્ર
- અને ઘણું બધું!

## વર્ચ્યુઅલ શાળા સમાચારમાં

TDSB પ્રાથમિક વર્ચ્યુઅલ શાળા વિશે કેટલીક રોચક કહાનીઓ જુઓ:

- TDSB students create online newspaper from home (Global News)